ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૬ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૨૭ ટકા

### સમગ્ર દેશની મીટ ગાંધીનગર બેઠક પર છતા

# શહેરમાં હજુ રાજકીય માહોલ જામતો નથી

**રાજકીય પક્ષના ચુંટણી કાર્યાલયો પર ચકલા ઉડે છે : ભાજપ પ્રચારમાં આગળ કોંગ્રેસે તો હજુ શહેરમાં પ્રચાર ઝુંબેશ જ શરૂ કરી ન હોય તેવી સ્થિતિ : મતદારોનો પણ આકરી ગરમીમાં ચુંટણી મામલે ઠંડો મિજાજ**

ગાંધીનગર તા ૧૧

લોકસભાની ચુંટણીના આડે હવે માત્ર ૧૦ દિવસો જ આડા રહ્યા છે. ત્યારે ગાંધીનગર બેઠક પરથી ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ ચુંટણી મેદાનમાં હોવાથી આ બેઠક પર સમગ્ર દેશવાસીઓની નજર મંડરાઇ છે. મતદાનનો દિવસ નજીક આવી ગયો હોવાછતા હજુ ગાંધીનગરમાં ચુંટણીનો માહોલ જામતો નથી. નગરના જનજીવનમાં ચુંટણીલક્ષી ગતિવિધિઓની કોઈ અસર જોવા ન મળતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ચુંટણીનો ધમધમાટ હજુ અદ્રશ્ય છે. આમ નાગરિકો માટે પણ ચુંટણી પ્રક્રીયા ક્યારેક નવરાશની પળોમાં ચર્ચા કરવાથી વિશેષ કાંઇ ન હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. ગરમીની ઋતુ નિખરી છે. ત્યારે આમપણ નગરના જનજીવનમાં સુનકાર પ્રવર્તયો છે. જયારે ચુંટણીલક્ષી ગતિવિધિઓને પણ ગરમીના લીધે મંદ ગતિએ ચાલતી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. દેશના પ્રધાનમંત્રીને ચુંટવાની મહત્વની ચુંટણીનો અનુલક્ષી આમ નાગરિકોમાં કોઈ ઉત્સાહ કે ઉત્તેજના જોવા મળતી નથી. સેકટરોની શેરીઓમાં ભાજપ દ્વારા ઘરે ઘરે પ્રચાર ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પરંતુ સ્થાનિકોમાં ચુંટણીને અનુલક્ષી કોઈ ઉમળકો જોવા મળતો નથી. જયારે ચુંટણીના પ્રચારમાં સ્થાનિક કક્ષાએ આમ નાગરિકોને સ્પર્શે તેવો મુદ્દો પણ કાને સંભળાતો નથી.

બીજીતરફ કોંગ્રેસે આ બેઠકને અનુલક્ષી શહેરમાં પ્રચાર પણ શરૂ ન કર્યો હોય તેમ જણાંઇ રહ્યુ છે. ભાજપ પ્રચારમાં આગળ છે. પરંતુ શહેરમાં ચુંટણીની ગતિવિધિઓને અનુલક્ષી રાજકીય ગરમાવા સાથે સ્થાનિક નાગરિકોનુ ઈન્વોલ્ટમેન્ટ જોવા મળતુ નથી. પ્રચાર ઝુંબેશ પણ હાંસિયામાં ધકેલાઇ ગઇ હોય તેમ સુસ્તીના માહોલમાં ચાલી રહી છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે બેઠક પરથી ચુંટણી લડવાના છે તે ઠેકાણે ચુંટણીનો માહોલ હજુ પણ ફીક્કો છે. ચુંટણીના ૧૦ દિવસ પુર્વે પણ ચુંટણીલક્ષી ધમધમાટ જોવા મળતો નથી. જેમાં આમ નાગરિકોના ઉમળકાનો અભાવ પણ મુખ્ય કારણ છે. પક્ષના ચુંટણી કાર્યાલયો પર પણ ચકલા ઉડે છે. સેકટરોમાં ગણ્યાંગાંઠ્યા કાર્યકરો પ્રચાર કરી રહ્યા છે. આવા સંજોગોમાં મતદાનના દિવસે મતદારોનો ઉમળકો કેવો હશે તે પણ જોવાનુ રહ્યુ.

## સિવિલના આઈસીયુ વિભાગના તબીબ દ્વારા નર્સિંગ સ્ટાફ સાથે અપમાનજનક વર્તન અંગે લેખિત ફરીયાદ

ગાંધીનગર, તા.૧૧

પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં નવી બિલ્ડીંગ ખાતે આવેલ આઈસીયુ વિભાગમાં તબીબ દ્વારા નર્સિંગ સ્ટાફ સામે અપમાનજનક વર્તન કરવામાં આવે છે. આ પરિસ્થિતિ છેલ્લા ઘણા સમયથી નિર્માણ પામી છે તેમ છતા નર્સિંગ સ્ટાફ દ્વારા સહન કરવામાં આવ્યું હતું. પરંતુ તબીબ દ્વારા વારંવાર અપમાનને પગલે નર્સિંગ સ્ટાફ દ્વારા સિવિલ સુપ્રિટેન્ડન્ટને લેખિત રજુઆત કરી યોગ્ય કરવા જણાવાયું છે.

પ્રાપ્ત માહિતી મુજબ પાટનગરમાં મેડીકલ કોલેજને પગલે આરોગ્યલક્ષી સેવાઓ વધતા દર્દીઓનો ધસારો રહે છે. રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ત્યારે નવી બિલ્ડીંગના ત્રીજા માળે આવેલા આઈસીયુ વિભાગમાં તબીબ દ્વારા નર્સિંગ સ્ટાફને અપમાનજનક વ્યવહાર કરવામાં આવે છે. જેની ફરીયાદ સિવિલ સુપ્રિટેન્ડન્ટને લેખિતમાં કરી છે. જેમાં તમામ નર્સિંગ સ્ટાફે વિભાગની ફેરબદલી કરવાની રજુઆત પણ કરી છે. તે ઉપરાંત ફરીયાદમાં જણાવ્યું છે કે અહી તેમની નોકરીમાં સામેલ ન હોય તેવી અને ડોકટર અને દર્દીને મદદરુપ થાય તેવી કામગીરી સ્ટાફ દ્વારા કરવામાં આવી રહી છે. દર્દીનું ફોર્મ ભરવાનું તબીબનું કામ પણ નર્સિંગ સ્ટાફ દ્વારા કરવામાં આવે છે. ત્યારે ચોર કોટવાલને દંડે તેવી સ્થિતિ આઈસીયુમાં નિર્માણ પામી છે. ત્યારે કામ કરે અને ઉપરથી અપમાનજનક શબ્દો સ્ટાફને તબીબ દ્વારા કહેવામાં આવે છે. જેથી આઈસીયુ વિભાગનું વાતાવરણ ઠંડા ઠંડા કુલની જગ્યા એ સતત તંગ ભર્યું રહે છે. જેની અસર કામગીરી પર પડે છે જેને પગલે નર્સિંગ સ્ટાફને અન્ય વિભાગમાં ફેરબદલી કરી દેવામાં આવે તેવી લેખિત રજુઆત તંત્ર સમક્ષ કરાઈ છે.

## ખ રોડ પરથી ચોરીના બુલેટ સાથે યુવકની ધરપકડ



ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના ગ-૪ થી ઘ-૪ વચ્ચે થી સવા મહિના પહેલા બુલેટની ચોરી થવા પામી હતી. આ બુલેટની નંબર પ્લેટ નીકાળીને ફરતા યુવકને સર્વેલન્સની સ્કોડની પોલીસે ખ માર્ગ પરથી ઝડપી પાડ્યો છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૬ કિસાન નગર પ્લોટ નં. ૫૭૪-૧ ખાતે રહેતો વિજય હીરાભાઈ બતાડા (ભરવાડ)ચોરીના બુલેટની નંબર પ્લેટ નીકાળીને ફરતો હતો. આ બુલેટ ગત્.૪ માર્ચના રોજ ગ-૪ થી ઘ-૪ ગાર્ડનની બાજુમાં પાર્ક કરેલી જગ્યામાંથી બુલેટ ચોરાયું હતું. ફરીયાદી બુલેટમાં જ ચાવી ભુલી જતા તેની ઉઠાંતરી થવા પામી હતી. ત્યારે સવા મહિના પહેલા ચોરાયેલા બુલેટ અંગે સર્વેલન્સ સ્કવોડના પોલીસ કોન્સ્ટેબલ રતનસિંહ અને સુરપાલસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે ખ-૨ થી ખ-0 સરગાસણ સર્કલ તરફ જતા માર્ગ પર એક યુવક બુલેટ સાથે પસાર થવાનો છે. જેને પગલે પોલીસે ખ માર્ગ પરથી યુવકને પકડી પાડ્યો હતો. આ કેસમાં ડી સ્ટાફના પીએસઆઈ ડી.એસ.રાઓલે વધુ તપાસ કરી રહ્યા છે. જેમાં ચોરીના બુલેટ સાથે પકડાયેલ યુવક બાઈક તેણે ઉઠાવ્યું હતું કે અન્ય કોઈએ તેને બુલેટ આપ્યું હતું. તે અંગે વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

## સે-૩૦થી અક્ષરધામ તરફ જવાના માર્ગ પરથી યુવક વિદેશી દારૂ સાથે ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ થી અક્ષરધામ તરફના માર્ગ પર બાઈક પર બેઠેલા યુવકના થેલામાંથી ૪ બોટલ વિદેશી દારુ એલસીબી પોલીસને મળી આવ્યો હતો. એલસીબી પોલીસે મુદ્દામાલ જપ્ત કરી યુવક સામે સે-૨૧ પોલીસમાં ગુનો નોંધાવ્યો છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પોલીસના કોન્સ્ટેબલ સુરેશકુમારને બાતમી મળી હતી કે સેકટર-૩૦ અક્ષરધામ તરફના માર્ગ પર એટલે કે ચ-૬ થી છ-૬ તરફના માર્ગ પર એક યુવક બાઈક નં. જી.જે.૧૮.સી.જી.-૩૦૭૫ પર બેઠો છે. સેકટર-૨૧ છ ટાઈપ ખાતે રહેતા ધવલકુમાર રામાભાઈ કટારા (ઉં.વ.૨૫) ને પકડી પાડી તેની પાસે રહેલી બેગની તપાસ કરતા તેમાંથી વિદેશી દારુની ૪ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૧૬૬ ની કિંમતની દારુની બોટલ અને રૂ.૨૦ હજારનું બાઈક મળી કુલ રૂ.૨૧,૬૦૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી યુવક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રીલાયન્સ ચોકડી પાસે પાન પાર્લર નજીક મોબાઈલ પર સટ્ટો રમતા શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૧૧

આઈપીએલ મેચનો જાદુ પુરબહારમાં નગરમાં જામ્યો છે. રાત્રીના ૮ વાગ્યાથી ક્રિકેટ રસીયાઓ ટીવી સામે ગોઠવાઈ જાય છે. આઈપીએલને પગલે સટ્ટા બજાર ગરમાયું છે. ત્યારે પોલીસ પણ સટ્ટોડીયાઓને પકડી પાડવા માટે કમરકસી રહી છે.તાજેતરમાં જ ભાઈજીપુરા પાટીયા પાસે પાન પાર્લર ચલાવતા યુવક સહિત બે ને પોલીસે પકડી પાડ્યા હતા. ત્યારે હવે રીલાયન્સ ચોકડી પાસે એક પાન પાર્લર આગળ ઉભા રહીને મોબાઈલ પર સટ્ટો રમતા શખ્સને પોલીસે પકડી લીધો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનનો સ્ટાફ બુધવારના રોજ રાત્રીના સમયે પેટ્રોલીંગમાં હતો. ત્યારે પોલીસ કોન્સ્ટેબલ સિધ્ધરાજસિંહ ને બાતમી મળી હતી કે રીલાયન્સ ચોકડી પાસે એક શખ્સ ક્રિકેટ મેચ પર સટ્ટો રમી રહ્યો છે.જેને પગલે પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈને તપાસ કરતા પાન પાર્લર નજીક ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા એક શખ્સ પકડાઈ ગયો હતો. પોલીસે કુડાસણની સુકાન રેસીડેન્સી સી-૨૦૧ માં રહેતા અશોકભાઈ મીઠાભાઈ પટેલ ઉંવ.૪૪ મુળ રહે. વિજાપુર નો ફોન ચેક કરતા એપ્લિકેશન પર સટ્ટો રમી રહ્યો હતો. પોલીસે આરોપી પાસેથી રૂ. ૨૩,૪૦૦ રોકડા, રૂ.૨૫ હજારની કિંમતનો આઈફોન તેમજ અન્ય એક મોબાઈલ મળી કુલ રૂ.૪૯,૪૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે આ શખ્સનો મોબાઈલ ચેક કરતા તેણે કેબીસી નામે એડ કરેલા નંબર પર વાતચીત કરેલી છે. જેમાં મુંબઈ-પંજાબ વચ્ચે ચાલતી આઈપીએલ ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમતો હોવાનું રેકોર્ડીંગ છે. આરોપીને કેબીસી અંગે પુછતાછ કરતા તે નામ અંગે તે અજાણ હોવાનું કહ્યું હતું. જેને પગલે ઈન્ફોસીટી પોલીસે હવે સટ્ટાનું કટીંગ લેતા શખ્સના મોબાઈલ નંબરને આધારે તેના સુધી પહોંચવા માટે તપાસ આગળ વધારી છે.

## સાદરા ગામની સીમમાં જુગાર રમતા ૬ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક આવેલા સાદરા ગામની સીમમાં જાહેરમાં જુગાર રમતા એક કિશોર સહિત ૬ જુગારીઓને ચિલોડા પોલીસે રૂ.૨૧,૦૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ સ્ટેશનના પીઆઈ વાય.આર.વાઘેલાના માર્ગદર્શનમાં ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ટીમના હેડ હેકો. અલ્પેશકુમારને સાદરા ગામની જુગાર અંગે બાતમી મળી હતી. બાતમીને આધારે પોલીસે સ્થળ પર પહોંચી રેઈડ કરતા જાવેદ રસુલભાઈ શેખ, મહેશકુમાર ચમનભાઈ દંતાણી, અલ્પેશ પોપટભાઈ દંતાણી, બિન્દેશ ભગાભાઈ પટેલ, દશરથભાઈ મગનભાઈ પટેલ તેમજ એક કિશોર જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૨૧ હજાર રોકડ સાથે જપ્ત કરી તમામ આરોપીઓ સામે જુગારધારાનો ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જલારામ મંદિરમાં રામનવમીની રકતદાન કેમ્પ દ્વારા ઉજવણી

ગાંધીનગર, તા.૧૧

તા.૧૪મી એપ્રિલના ચૈત્ર સુદ નવમીના રોજ ભગવાન શ્રી રામચંદ્રજીની જન્મ જયંતિના અવસરે જલારામ ધામ સેકટર-૨૯ ખાતે સવારે સાડા આઠ કલાકે ભગવાન રામચંદ્રજી તથા પૂ. જલારામ બાપાની પૂજનવિધિ થશે. રઘુવંશી ધ્વજવંદન સવારે ૧૦.૩૫ કલાકે યોજાશે. સવારે બાર વાગ્યા સુધી હરિનામ સંકર્તન તથા બપોરે બાર કલાકે શ્રી રામજન્મોત્સવ અને મહાઆરતી થશે.

સંસ્થા દ્વારા દર સાલની જેમ સહયોગ મંડળ ગાંધીનગર અને સિવિલ હોસ્પિટલના સહયોગથી સવારે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે તેમ શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગરના પ્રમુખ સેવંતીલાલ જે. ઠકકરે જણાવેલ છે.

## વાવોલ ખાતે રામદેવપીરના મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ગાંધીનગર, તા.૧૧

રાજપૂત સમાજ પરિવાર વાવોલ તથા રામદેવપીર ભગવાનના ભકતજનો દ્વારા તા. ૧૫ થી ૧૭ એપ્રિલ દરમિયાન રામદેવપીર ભગવાન તથા પરિવારનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. તા. ૧૫ એપ્રિલના રોજ સવારે ૯ કલાકે મંડપ પ્રવેશ તથા ૧૦ કલાકે જયોત આગમન, ૧૧ કલાકે સ્થાપિત દેવતા પૂજન, સાંજે ૫ કલાકે શયનપૂજન તથા સાંજે ૫.૩૦ કલાકે સંધ્યાઆરતી, તા.૧૬ એપ્રિલના રોજ સવારે ૧૦ કલાકે શોભાયાત્રા-જલયાત્રા, બપોરે ૧ કલાકે કુટીર હોમ, સાંજે ૫.૩૦ કલાકે સંધ્યા આરતી, તા. ૧૭ એપ્રિલના રોજ સવારે ૧૧ કલાકે રાજોપચાર પૂજન, ૧૨.૩૯ કલાકે મૂર્તિપ્રતિષ્ઠા, સાંજે ૪ કલાકે વિષ્ણુયાગ પુર્ણાહુતિ, સાંજે ૫ કલાકે મહાઆરતી યોજાશે. ઉપરાંત તા. ૧૭ એપ્રિલે સવારે ૧૧ કલાકે સંતો મહાત્માઓનું સન્માન કરવામાં આવશે. તો ૧૪ થી ૧૬ એપ્રિલ દરમિયાન રાત્રે ૯ કલાકે રામદેવપીર આખ્યાન મંડળ દ્વારા ભકિત કાર્યક્રમ રજૂ કરાશે. તા. ૧૭ એપ્રિલના રોજ રાત્રે ૯ કલાકે ૩૩ જયોતનો પાઠ અને ૧૧૦૦ દિવાની આરતી યોજાશે. હોળી ચકલા દરબારવાસ ખાતે યોજાનાર આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો ભાવિક ભકતોને લાભ લેવા જણાવાયું છે.

## ચંદ્રાલા નાકા પોઈન્ટ પર લકઝરી બસમાંથી ૧૨ બોટલ સાથે એક ઈસમ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

લોકસભાની ચુંટણીને અનુલક્ષી ચંદ્રાલા નાકા પોઈન્ટ પર સઘન વાહન ચેંકીગ ચિલોડા પોલીસ દ્વારા કરવામાં આવે છે. ત્યારે ગત રોજ સાંજના સુમારે ચંદ્રાલા નાકા પોઈન્ટ પર પોલીસ જવાનો વાહન ચેક કરી રહ્યા હતા ત્યારે એક ખાનગી લકઝરી બસમાંથી કેટલાક પેસેન્જર નીચે ઉતર્યા હતા. જેમાં એક શખ્સ પણ નીચે ઉતર્યો હતો અને તેના હાથમાં કાળા કલરની બેગ હતી અને તે જવાનું કરતો હોવાથી પોલીસને શંકા જતા તેને રોક્યો હતો. પોલીસે તેની બેગ ચેક કરતા તેમાંથી વિદેશી દારુની ૧૨ નંગ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૪૮૦૦ ની બોટલો સાથે પોલેસ બાબુલાલ મીણા (ઉંવ.૨૫) રાજસ્થાન ડુંગરપુર ને ઝડપી લીધો હતો. પોલીસે આરોપી વિરુધ્ધ પ્રોહી એક્ટ મુજબ ગુનોં નોંધી દારુનો જથ્થો ક્યાંથી લાવ્યો હતો અને કયા લઈને જઈ રહ્યો હતો તે દિશામાં કાર્યવાહી હાથ ધરી છે.

# ઉનાળુ વેકેશનમાં લાગ્યુ વિદેશ યાત્રાનું ઘેલુ

**ઉનાળાના વેકેશનમાં ભારતના હીલ સ્ટેશનો પર ફરવા જવાની સાથે વિદેશ યાત્રા પણ હોટ ફેવરીટ : ટૂર ઓપરેટરો વ્યસ્ત**







ગાંધીનગર, તા.૧૧

વેકેશનમાં હરવા ફરવા જવાનું ચલણ હવે સામાન્ય બનતું જાય છે. દેશના વિવિધ હરવા ફરવાના અને હવા ખાવાના સ્થળોએ વેકેશન દરમિયાન ભારે ભીડ જોવા મળે છે. હવે સ્થાનિક ટૂરની સાથોસાથ આંતરરાષ્ટ્રીય ટૂરનું આયોજન બહોળા પ્રમાણમાં થાય છે. ઉનાળુ વેકેશન દરમિયાન ગાંધીનગરના ઘણા પરિવારો વિદેશના વિવિધ હરવા ફરવાના સ્થળોએ જઈ રહ્યા છે તેથી ટૂર ઓપરેટરો હાલમાં વ્યસ્ત થઈ ગયા છે.

ગુજરાતીઓ આમ પણ હરવા ફરવાના ખૂબ શોખીન છે. જયાં રજા મળી નથી કે નાની મોટી ટૂર, પીકનીક કે પ્રવાસનું આયોજન થઈ જાય છે. એમાંય દિવાળી અને ઉનાળુ વેકેશનમાં હરવા ફરવા જવાનું ચલણ વધતું જાય છે.

બાળકોની પરીક્ષાઓ હવે પૂર્ણતાના આરે છે. વેકેશનનો માહોલ જામી રહ્યો છે ત્યારે શહેરના ઘણાં પરિવારો વિવિધ હીલ સ્ટેશનો અને હરવા ફરવાના સ્થળોએ જવાનું પ્લાનીંગ કરી રહ્યા છે. અગાઉના સમયમાં ઉનાળુ વેકેશનમાં મામાના ઘરે જવાનું ચલણ હતું. ઘણા તો આખું વેકેશન મામાના ઘરે જ રોકાતા. જો કે બદલાતા સમયમાં આ ટ્રેન્ડ ચેન્જ થયો છે. વેકેશનમાં માત્ર બે ચાર દિવસ સગા સંબંધીઓના ઘરે જવામાં આવે છે. લાંબુ વેકેશન હોય એટલે બાળકો ઘરે બેઠા બેઠા કંટાળે છે. હવે વેકેશનમાં કયાંકને કયાંક નાની-મોટી ટૂર કરવી જાણે અનિવાર્ય થઈ ચુકી છે. ટૂર ઓપરેટરો ખૂબ આસાનીથી સમગ્ર ટૂરનું આયોજન કરી દેતા હોવાથી પરિવારો ટૂરનો આનંદ માણી શકે છે.

ઉનાળુ વેકેશનમાં ગરમી વધુ હોવાથી આવી સીઝનમાં સ્થાનિક પ્રવાસો કરતા વિદેશના પ્રવાસોનું આયોજન વધુ થાય છે. વિદેશોની ટૂર હવે સસ્તી બનતી જાય છે. સ્પર્ધાત્મક વાતાવરણમાં આંતરરાષ્ટ્રીય ટૂર પેકેજ સસ્તા થઈ રહ્યા હોવાથી ઘણા ટૂર ઓપરેટરોએ હવે આવી આંતરરાષ્ટ્રીય ટૂરના આયોજનો પર વધુ ફોકસ કર્યું છે. પ્રવાસીઓમાં દુબઈ અને અબુધાબી તો હોટ ફેવરીટ છે જ. પરંતુ હવે દક્ષિણ-પશ્ચિમ દેશો સિંગાપુર, મલેશિયા, ફૂકેત, બાલી, થાઈલેન્ડની ટૂર પણ હવે હાઉસફૂલ થઈ જાય છે. બેંગકોક, માલદીવ અને મોરેશીયસના ટાપુઓ કપલ્સની સાથોસાથ ફેમીલી ટુરીસ્ટને પણ આકર્ષી રહ્યા છે. એર ટ્રાવેલથી લઈને જે તે દેશના વિવિધ સ્થળોએ હરવા ફરવા રહેવાની સુવિધા સાથેનું ટોટલ પેકેજ ટૂર ઓપરેટરો ઓફર કરે છે. પરિણામે પરિવારો નિશ્ચિંતતાથી ફરી શકે છે. છેલ્લા કેટલાક સમયથી ક્રુઝ ટૂરનું ચલણ પણ પ્રવાસીઓમાં વધ્યું છે. સ્થાનિક ટૂર કરતા માત્ર થોડાક વધુ પૈસા ખર્ચીને વિદેશોમાં ફરવા મળતું હોવાથી ગુજરાતી પ્રવાસીઓને આવી ટૂરનું રીતસર ઘેલું લાગ્યું છે. વેકેશન હવે થોડાક દિવસોમાં જ પડશે ત્યારે ગાંધીનગરના ઘણા પરિવારો વિદેશ ટૂર જવાની તૈયારીઓમાં લાગી ગયા છે.

## સી.એમ. હાઈસ્કૂલમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૧૧

શેઠ સી.એમ. હાઈસ્કૂલ સેકટર-૨૩ ખાતે ધોરણ-૧૦ની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે તા. ૧૩મી એપ્રિલના રોજ કારકિર્દી માર્ગદર્શન અને જેઈઈ તથા નીટની પરીક્ષા સંદર્ભે પરિસંવાદ યોજવામાં આવેલ છે તો નગરના તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને પરિસંવાદમાં ઉપસ્થિત રહેવા આચાર્યા ડૉ. ચેતના બુચે જણાવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર મેનાબેન માનસંગજી, ઉ.વ. ૭૦
- સ્વ. પટેલ મહેશભાઈ નટવરભાઈ, ઉ.વ. ૪૫